GJMR040028302024

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૧/૦૯/૨૦૨૪ | | |
| રજી. તારીખ | ૨૧/૦૯/૨૦૨૪ | | |
| ફેસલ તારીખ | ૦૫/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૭ | ૧૪ |

**વાંકાનેરના મહે. એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું.વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં. ૨૨૮૬/૨૦૨૪**
**આંક–**

**ફરીયાદી:–** **સોયેબમોહમદભાઈ અલીમામદભાઈ બ્લોચ,**
ઉમર:પુખ્ત,ધંધો:વેપાર,
રહે. ભાટીયા સોસાયટી, ચંદ્રપુર,
તા:વાંકાનેર, જીલ્લો:મોરબી.

**વિ રૂ ધ્ધ**

**આરોપી:–** **પીપરવાડીયા અશરફભાઈ દાઉદભાઈ ,**
ઉમર:પુખ્ત, ધંધો:વેપાર,
રહે. ભાટીયા સોસાયટી, રાધેકૃષ્ણ મંદિર વાળી શેરી,
પીંડાર પ્રોવિઝન સામે, ભાઈ મકાન વાળી શેરી,
ચંદ્રપુર, તા. વાંકાનેર જી. મોરબી.

**ગુનો :–ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ**

.................................................................................................

ફરીયાદપક્ષ તર્ફે : વિ.વકીલ શ્રી પી.એસ.શાહ

આરોપી તર્ફે : વિ.વકીલ શ્રી જે.આઇ.દલપુત્રા

.................................................................................................

**–:: જજમેન્ટ ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી અમો ફરીયાદીની નજીકમાં રહેતા હોય અને તે નાતે ફરીચાદીને આરોપી સાથે સંબંધ હોય આ કામના આરોપીને ફરીયાદી પાસેથી તેઓને રીક્ષાના હપ્તાની રકમ ફાઈનાન્સમા ભરપાઈ કરવા માટે નાણાંની જરુરીયાત પડતા આરોપીએ ફરીયાદી પાસેથી રકમ રૂ.૬૦,૦૦૦/–રકમ ફરીયાદી પાસેથી આરોપીને રોકડા એક વર્ષે પહેલા લીધેલા અને તે રકમ આરોપીએ ફરયાદીને નીયત સમય મર્યાદા મા પરત આપવાની હતી.આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ઉપરોકત લીધેલ હાથ ઉછીની રકમના બદલામાં આરોપી તરફથી ફરીયાદીને બેંક ઓફ બરોડા, વાંકાનેર શાખાનો ચેક નં. ૦૦૦ ૦૦૩, રકમ રૂ.૬૦,૦૦૦/– નો ચેક આરોપીએ સહી કરીને આપેલ હતો.ફરીયાદીને આપેલ ચેક વસુલ મેળવવા માટે બેન્ક ઓફ બરોડા, વાંકાનેર શાખામાં રજુ કરતા તા.૧૨–૦૮– ૨૦૨૪ ના રોજ "ઈનશફીશયન્ટ ફંડઝ" ના શેરા સાથે પરત ફરેલ.ફરીયાદીએ વકીલશ્રી મારફત રજી. એ.ડી.થી આ કામના આરોપીને તા.૧૪–૦૮–૨૦૨૪ નારોજ નોટિસ મોકલાવેલ.જે નોટીસ આરોપીને તા.૨૦–૦૮–૨૦૨૪ ના રોજ કે તે અરસામાં મળી ગચેલ હોવા છતા રકમ ચુકવી આપેલ ન હોય જેથી આરોપી સામે હાલની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ (જેને હવે પછી ઠરાવમાં એન.આઈ.એકટ તરીકે ઉલ્લેખ કરેલ છે)ની કલમ–૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદીનુ વેરીફેકેશન ધ્યાને લેતા આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય પુરાવો હોય મારા પુરોગામી ન્યાયધીશશ્રીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (જેને હવે પછી ઠરાવમાં સંહિતા તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ ૨૨૭ મુજબ એન.આઈ.એકટની કલમ ૧૩૮ મુજબના ગુનાનો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૨) આરોપીને પ્રોસેસ બજી જતાં તેઓ તેમના વિ.વકીલશ્રી સાથે હાજર થયેલા છે અને આરોપીઓ ને ફરીયાદ તથા દસ્તાવેજોની નકલો આરોપીને આપ્યા બાદ આરોપીની સંહિતાની કલમ ૨૭૮(૧) મુજબ આંક– ૦૭ થી પ્લી લેવામાં આવતા આરોપીએ એન.આઈ.એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનો ઈન્કાર કરતાં કેસ આગળ ચલાવવામાં આવેલો અને સદર કામ ફરીયાદપક્ષના પુરાવાના માટે રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## મૌખિક પુરાવો

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી સોયેબમોહમદભાઇ અલીભાઇ મામદ ની જુબાની | ૦૪ |

## દસ્તાવેજી પુરાવો

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | રીક્ષાના હપ્તાની ફાઇનાન્સમાં ભરેલ રીસીપ્ટ | ૧૦ |
| ૨ | અસલ ચેક | ૧૧ |
| ૩ | રીટર્ન મેમો | ૧૨ |
| ૪ | લીગલ નોટીસ | ૧૩ |
| ૫ | રજી. એડી. કર્યાની પહોંચ | ૧૪ |
| ૬ | ઓનલાઇન ટ્રેક રીપોર્ટ | ૧૫ |
| ૭ | એકનોલેજમેન્ટ સ્લીપ | ૧૬ |

( ૫ ) ફરીયાદ પક્ષે ઉપરોકત પુરાવો રજુ થયા બાદ પડેલ પુરાવાના સંદર્ભે સંહિતાની કલમ ૩૫૧ હેઠળ આરોપીનું વિશેષ નીવેદન જેટલા પુરાવા હોય આરોપીનું વિશેષ નોંધવામાં આવેલ છે તેમાં તેઓએ ફરીયાદીના પુરાવાનો ઇનકાર કરેલ છે અને બચાવમાં જુબાની આપવા માંગતા હોવાનુ તથા બીજો કોઇ પુરાવો રજુ કરવા માંગતા હોવાનુ જણાવેલ છે અને કાયદેસરનુ લેણુ ન હોવા છતા ખોટી ફરીયાદ કરેલાનુ જણાવેલ છે.

(૫) ત્યારબાદ આરોપીપક્ષ તર્ફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

## મૌખિક પુરાવો

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | રજીયાબેન અશરફભાઇ પીપરવાડીયા ની જુબાની | ૨૮ |
| ૨ | આદીલભાઇ દાઉદભાઇ પીપરવાડીયા ની જુબાની | ૩૧ |

| | | |
|---|---|---|
| ૩ | પીપરવાડીયા અશરફભાઈ દાઉદભાઈ ની જુબાની | ૩૪ |

## દસ્તાવેજી પુરાવો

| અનુ. નંબર | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીની પત્નીએ પોલીસ સ્ટે. આપેલી ફરીયાદ | ૨૯ |
| ૨ | ફરીયાદી દ્વારા આરોપીને આપવામાં આવેલ વંદેમાતરમ એન્ટરપ્રાઈઝ દૈનકિ બચતનું કાર્ડ | ૩૯ |

( ૬ ) ફરીયાદી તર્ફે આંક :૪૬ થી લેખીત દલીલ રજુ કરેલ છે.જે વંચાણે લીધી.

( ૭ ) આરોપી તર્ફે આંક :૪૭ થી લેખીત દલીલ રજુ કરેલ છે.જે વંચાણે લીધી.

( ૮ ) ઉપરોકત હકીકતો ધ્યાને લેતા મારા નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થીત થયેલ છે.

## :: મુદ્દા ::

(૧) શું ફરીયાદી સાબીત કરે છે કે, આંક–૧૧ વાળો અસલ ચેક, આરોપીએ તેના કાયદેસરના દેવાની ચુકવણી માટે ફરીયાદીને આપેલ છે ?

(૨) શું ફરીયાદી સાબીત કરે છે કે,આરોપીએ એન.આઈ.એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો કરેલ છે ?

(૩) શું હુકમ ?

( ૯ ) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

## :: નિર્ણયો ::

૧. નકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

( ૧૦ ) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ આપવામાં આવેલ છે.

// <u>કા ર ણો</u> //

<u>મુદ્દા નં.૧ તથા ર ના જવાબના કારણો :–</u>

એ પ્રસ્થાપિત હકીકત છે કે, ચેક એ વિનીમયપત્ર છે અને વિનીમયપત્ર અન્વયે એન.આઈ.એકટની કલમ ૧૧૮ મુજબ નો વિરુઘ્ધનુ પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિમયપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનુની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–૧૩૯ મુજબ વંચાણે લેતા તેમા પણ જયા સુધી વિપરીત પુરવાર કરવામાં ન આવે ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ– ૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવુ અથવા અન્ય જવાબદારીને પુરેપુરી અથવા અંશત: માટે મેળવ્યો હતો આમ, કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનુ ફલીત થાય છે.તેવી જ રીતે એન.આઈ.એકટની કલમ–ર૦ મુજબ જો કોઈ વ્યકિત વિનીયમપત્ર ઉપર સહી કરી આપે અને તે સંપુર્ણ ક્રોસ હોય કે અપુર્ણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમ દર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સતા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપુર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપુર્ણ કરી લઈ વિનીયમચપત્ર ઉપયોગમાં લેવાનો છે.આમ,ઉપરોકત નોંધેલ કલમ ૧૧૮, ૧૩૯ અને ર૦ અન્વયે ઉપલબ્ધ કાનુની અનુમાન અને ધારણા હાથ ઉપર ના કેશમાં,ફરીયાદી વિનિમયપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે.એ સાચુ છે કે,કાનુની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને આવી ખંડન કરવાની જવાબદારી બચાવ પક્ષે રહેલ છે. **ક્રિષ્ણા જનાર્દન ભટ વિ.દત્તાત્રય જી. હેગડે ર૦૦૮(૪)એસસીસી પજ ના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ**

**છે કે,** section 138 of the Negotiable Instruments Act as three ingredients viz. (i) that there is a legally enforceable debt; (ii) that the cheque was drawn from the account of bank for discharge in whole or in part of any debt or other liability which presupposes a legally enforceable debt; and (iii) that the cheque so issued had been returned due to insufficiency of funds.

**(૧૧)** આ કામના ફરીયાદી સોયેબમોહમદભાઈ અલીમામદભાઈ બ્લોચ નાઓએ આંક:૪ થી મૌખીક પુરાવો રજુ કરેલ છે.જેમાં જણાવેલ છે કે, આ કામના આરોપી અમો ફરીયાદીની નજીકમાં રહેતા હોય અને તે નાતે ફરીયાદીને આરોપી સાથે સંબંધ હોય આ કામના આરોપીને ફરીયાદી પાસેથી તેઓને રીક્ષાના હપ્તાની રકમ ફાઈનાન્સમા ભરપાઈ કરવા માટે નાણાંની જરુરીયાત પડતા આરોપીએ ફરીયાદી પાસેથી રકમ રૂા.૬૦,૦૦૦/–રકમ ફરીયાદી પાસેથી આરોપીને રોકડા એક વર્ષે પહેલા લીધેલા અને તે રકમ આરોપીએ ફરયાદીને નીયત સમય મર્યાદા મા પરત આપવાની હતી.આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ઉપરોકત લીધેલ હાથ ઉછીની રકમના બદલામાં આરોપી તરફથી ફરીયાદીને બેંક ઓફ બરોડા, વાંકાનેર શાખાનો ચેક નં. ૦૦૦ ૦૦૩, રકમ રૂા.૬૦,૦૦૦/– નો ચેક આરોપીએ સહી કરીને આપેલ હતો.ફરીયાદીને આપેલ ચેક વસુલ મેળવવા માટે બેન્ક ઓફ બરોડા, વાંકાનેર શાખામાં રજુ કરતા તા.૧૨–૦૮– ૨૦૨૪ ના રોજ "ઈનશફીશયન્ટ ફંડઝ" ના શેરા સાથે પરત ફરેલ.ફરીયાદીએ વકીલશ્રી મારફત રજી. એ.ડી.થી આ કામના આરોપીને તા.૧૪–૦૮–૨૦૨૪ નારોજ નોટિસ મોકલાવેલ.જે નોટીસ આરોપીને તા.૨૦–૦૮–૨૦૨૪ ના રોજ કે તે અરસામાં મળી ગયેલ હોવા છતા રકમ ચુકવી આપેલ ન હોય જેથી આરોપી સામે હાલની ફરીયાદ કરેલાનું જણાવેલ છે.

બચાવ પક્ષે ઉલટતપાસ કરતા એ હકીકત સ્વીકારેલ છે કે, હું જીમનુ કામ કાજ કરૂ છું અને <u>મારી પાસે ફાઈનાન્સનુ લાયસન્સ છે.મારી પાસે એક–દોઢ વર્ષથી ફાઈનાન્સનુ લાઈસન્સ છે.</u> મારી વાર્ષિક આવક આશરે રૂા.૪,૮૦,૦૦૦/– છે. મારે નેગોશીયેબલ કેસ નં –૨૨૮૮/૨૦૨૪ થી ચાલે છે. કેસ નં–૧૪૮૬/૨૦૨૪ થી નેગોશીયેબલ કેસ ચાલે છે જેની રકમ રૂા.૮૯,૯૮૦/– છે. હું આઈ.ટી. રીટર્ન ભરૂ છું. <u>મેં આ કામે ફાઈનાન્સનુ લાયસન્સ રજુ કરેલ નથી. આરોપીને કયારે પૈસા આપેલા તે હાલ યાદ નથી.</u> મેં મારા આઈ.ટી. રીટર્નમાં

જે રકમ આપેલ છે તેનો ઉલ્લેખ કરેલ નથી. મારી ઓફીસ જડેશ્વર ચેમ્બરમાં આવેલ છે. મારી ઓફીસ ઉપર વંદે માતરમ લખેલુ છે. આરોપીને ચાર–પાંચ વર્ષથી ઓળખુ છું. આરોપીને અગાઉ પણ પૈસા આપેલા હતા. આરોપીને અગાઉ આઠ–નવ મહીના પહેલા પૈસા આપેલા હતા જે પૈસા આરોપીએ પરત આપેલા નથી. ફરીયાદવાળા ચેકમાં સહી તથા ચેકની અન્ય વિગત અલગ–અલગ અક્ષરમાં લખેલ છે. આરોપીને કયા નંબર ઉપરથી જાણ કરેલ તે ફરીયાદમાં જણાવેલ નથી. મેં આ કામે આઈ.ટી. રીટર્નની નકલ રજુ કરેલ નથી. હું આઈ.ટી. રીટર્નની નકલ રજુ કરવા માંગતો નથી.

આ કામે આરોપી પક્ષ તર્ફે સાહેદ નં.–૦૧ રજીયાબેન અશરફભાઈ પીપરવાડીયા નો આંક–૨૮ નો મૌખિક પુરાવો રજુ કરેલ છે.જેમા જણાવેલ છે કે,આ કામના આરોપી મારા પતિ થાય છે. મારા પતિ ઉપર ચેક રીટર્ન નો કેસ થયેલ છે. આ ચેક રીટર્ન ના કેસ ના ફરીયાદીને હું ઓળખુ છું અમે સોચબભાઈ પાસે વ્યાજે પૈસા લેવા ગયેલ જેથી ઓળખુ છું. અમે સોચબભાઈ પાસે રૂા.૬૦,૦૦૦/– ની રકમ ૨૦ ટકા ના વ્યાજે લીધેલા. રીક્ષા ના પેપર્સ સોચબભાઈ પાસે છે. અમે રોકડા પૈસા લીધેલા. જે પૈસા હું અને મારા પતિ સાથે લેવા ગયેલા. ત્રણ ચાર વર્ષ પહેલા પૈસા લીધેલા. અમે બે લાખ રૂપીયા સુધીનું વ્યાજ ભરી દીધેલુ છે. બીજા ત્રણ ચેક સોચબભાઈ પાસે છે. અમે પૈસા આપેલ તેની સહી કરવાનું કહેતા સહી કરી આપેલ નહી. તેમજ બીજા ઘણા બધાને વ્યાજે પૈસા આપેલ છે. તેમજ અમને જાણ કર્યા વગર ચેક જમા કરાવેલ છે. આદીલભાઈ, નવાબભાઈ ને પણ વ્યાજે પૈસા આપેલ છે અને તેમની પાસેથી પણ ચેક લીધેલ છે. આ બાબતે મે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરેલી છે. જે ફરીયાદ ની ઝેરોક્ષ કોપી આંક–૨૯ થી રજુ કરેલ છે. અમે ત્રણ ચેક કોરા સહી કરીને આપેલા હતા અને લોન ભરાય જાય તો પરત આપી દઈશુ તેવુ જણાવેલ પરંતુ ચેક પરત આપેલ નહી. તેમજ રોજના પાંચસો કે હજાર જેટલી રકમ ભરતા હતા. સોચબભાઈ ને જે રકમ આપી તે તેમના કાળા કલરના ચોપડામાં લખતા હતા તેવુ જણાવેલ છે.

ફરીયાદી તર્ફે ઉલટતપાસ કરતા એ હકીકત સ્વીકારેલ છે કે, મને નામ.કોર્ટ દવારા જુબાની માટે સમન્સ આવેલ નથી. આ કામ માં હું કોઈ પક્ષકાર નથી. હું સોચબભાઈને બે ત્રણ

વર્ષ થી ઓળખુ છું. મારા પતિ રીક્ષા ચલાવે છે. સોયબભાઈ ને મળેલ ત્યારે પૈસા લેવા ગયેલા. સાહેદ જણાવે છે કે ત્યારબાદ ચેક આપેલા.પ્રથમ વાર એક લાખ વીસ હજાર પૈસા લીધેલા જે પૈસા ભરી દીધેલા તે પછી બીજી વખત સાઈઠ હજાર લીધેલા. ચેક લેણી રકમ ના બદલા માં આપેલા. મારા પતિ એ રીક્ષા લેવા માટે પૈસા લીધેલા હતા. રકમ ચુકવી આપેલ છે તેવો કોઈ આધાર રજુ કરેલ નથી.

આ કામે આરોપી પક્ષ તર્ફે સાહેદ નં.–૦૨ આદીલભાઈ દાઉદભાઈ પીપરવાડીયા નો આંક–૩૧ નો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના ફરીયાદી પાસેથી મારાભાઈ તથા મે વ્યાજે પૈસા લીધેલ હોય જેથી ઓળખું છું. આ કામના ફરીયાદી પાસ ેથી નવાઝભાઈ, ફીરોજભાઈ મેમણ તથા અન્ય ઘણા બધા એ પૈસા લીધેલા છે. મારા ભાઈ એ રૂા. સાઈઠ હજાર ૨૦ % ના વ્યાજે ફરીયાદી પાસે થી લીધેલા. મારા ભાઈ ત્રણ ચાર વર્ષથી વ્યાજ ચુકવે છે. મારાભાઈ વ્યાજની રકમ રોજ ચુકવે છે. મારા ભાઈ વ્યાજની રકમ ફરીયાદી ને આપવા માટે જતો હતો અને જો ન જાય તો ફરીયાદી બુલેટ લઈ વ્યાજની રકમ ઘરે લેવા આવે છે. જો એક દિવસ વ્યાજ ની રકમ આપવા માં લેઈટ થાય તો તેની પેનલ્ટી ચડાવે. કયારેક મારા ભાઈ વ્યાજની રકમ ભરવા ન જાય તો હું જતો હતો. રકમ જમા કરાવીએ તેની કોઈ પહોંચ આપતા નથી. ઉછીની રકમ લઈએ ત્યારે તેમના કાગળ માં સહી કરવતા અને આધાર કાર્ડ લેતા અને સહી વગરના કોરા ચેક લે છે. મારા ભાઈ સીવાય મારા પપ્પાનો ચેક પણ ફરીયાદી પાસે પડેલો છે. મારાભાઈ ના અંદાજે બે ત્રણ ચેક પડેલા છે. લોન પુરી થાય ત્યારે તેનું કોઈ એન.ઓ.સી. આપતા નહી.

બચાવપક્ષ તર્ફે ઉલટતપાસ કરતા એ હકીકત સ્વીકારેલ છે કે, મને કોઈ સમન્સ બજેલ નથી. ફરીયાદ માં કે ફરીયાદીની સરતપાસ માં મારુ કયાય નામ નથી. અશરફભાઈ મારા ભાઈ થાય છે.

આ કામે આરોપી પક્ષ તર્ફે આરોપી સાહેદ નં–૦૩ પીપરવાડીયા અશરફભાઈ દાઉદભાઈ નો આંક–૩૪ નો મૌખિક પુરાવો વંચાણે લેતાં તેમાં તેઓએ જણાવેલ

છે કે, આ કામના ફરિયાદી એ અમો આરોપી ને મકાન લેવડાવવા માં મદદ કરવાના હતા. અને અમો આરોપી ને ફરિયાદીએ કહેલ હતું કે "મકાન લેવા માટે લોન લેવી પડશે અને લોન માટે તારા ડોક્યુમેન્ટ તેમજ બેંક માં સિક્યુરીટી પેટે ચેકો પણ આપવા પડશે" જેથી અમો આરોપીએ ફરિયાદી ને ત્રણ કોરા ચેક અને ડોક્યુમેન્ટ આપેલ હતા. ત્યારબાદ અમો આરોપી ની પત્ની બીમાર પડી જતા અમો આરોપી મકાન લઇ શકેલ ન હતા, અને અમો આરોપી ના ત્રણ કોરા ચેક તેમજ ડોક્યુમેન્ટ ફરિયાદી પાસે તેના કબ્જા માં રાખેલ હતા, જે મકાન માટે લોન લેવા ની હતી તે અમો આરોપી લઇ શકેલ ન હોવાથી અમો આરોપીએ ફરિયાદી પાસે થી પોતાના ડોક્યુમેન્ટ તેમજ કોરા ચેકો પરત માંગેલ હતા, આ કામના ફરિયાદીએ ડોક્યુમેન્ટ અને અમારા કોરા ચેકો પરત આપેલ ન હતા. અમો આરોપી ને રીક્ષા લેવા ની પૈસા ની જરૂરિયાત ઉભી થતા ફરિયાદીએ અમો આરોપી પાસે રિક્ષા નું લખાણ કરાવી ને રૂ.૬૦,૦૦૦/- ૨૦% ના વ્યાજ ના દર આરોપી ને ફરિયાદીએ આપેલ હતા. જે લખાણ માં માત્ર અમો આરોપીએ સહી જ કરેલ હતી તે સિવાય અમો આરોપી એ કોઈ લખાણ વાંચવા દેવામાં આવેલ ન હતું. અમો આરોપી ની રિક્ષા નંબર GJ36U8711 ના તમામ પેપર્સ હાલ માં પણ ફરિયાદી ના કબ્જા છે. સદરહુ રકમ અમો આરોપીએ ફરિયાદી ને વ્યાજ સહીત ચૂકતે કરી આપેલ તે અંગે નું ફરિયાદી ની પેઢી નું પૈસા ભર્યા અંગે નું કાર્ડ રજુ રાખેલ છે <u>જેમાં ફરિયાદી દૈનિક રકમ લેવા આવતા તે અંગે નું એક કાર્ડ અમો આરોપી ને આપવામાં આવેલ હતું તે રજુ રાખલ છે, જેમાં અમો આરોપીએ રૂ.૫૫,૦૦૦/- આપેલ છે, અને બીજા પાંચ હજાર રોકડા ફરિયાદી અમો આરોપી પાસે થી લઇ ગયેલ હતા, તદઉપરાંત આ રકમ નું વ્યાજ ફરિયાદી ની વન્દેમાતરમ નામની ઓફીસ ખાતે તેમજ રવિ ભાઈ નો પાન નો ગલ્લો દેલવાડીયા ની સામે આવેલ ત્યાં અમો આરોપી જમા કરાવતા હતા,</u> આમ છતાં ફરિયાદીએ અમો આરોપી ને દબાવવા માટે ગત ૧૯/૦૮/૨૦૨૪ ના રોજ અમો આરોપી ઉપર ચેક પરત થયા અંગે ની રૂ.૬૦,૦૦૦/- હજાર ની નોટીસ આવેલ હતી. તેથી અમો આરોપી અને અમો આરોપી ની પત્ની આ કામના ફરિયાદી પાસે તા-૨૦/૮/૨૦૨૪ ના રોજ ફરિયાદી ની ઓફિસે (વંદે માતરમ) ગયેલ હતા. ત્યારે અમો આરોપી ને ફરિયાદીએ કહેલ કે "તારે થાય તે કરી લે હજી રૂ.૬૦,૦૦૦/- નો ચેક રીટન કરેલ છે, હજી બીજા ચેક પડેલ છે, તે પણ બાઉન્સ કરાવી તને ફસાવી દઈશ" આ કામના ફરિયાદીએ અમો આરોપી પાસે થી વધુ વ્યાજ ના રૂપિયા લેવા સતત અમો આરોપી ઉપર દબાણ કરતા હતા. જે અંગે અમો આરોપી ની

પત્ની એ વાંકાનેર પોલીસ સ્ટેશન માં ફરિયાદ આપેલ હતી તેવુ જણાવેલ છે.તેમજ આરોપીએ આ કામના ફરિયાદી ના જે મુદ્દલ રકમ રૂા.૬૦,૦૦૦/–ના ત્રણ ચાર વર્ષ ના સમયગાળા માં આરોપીએ બે લાખ રૂપીયા સુધીનું વ્યાજ ભરી દીધેલુ હતું, અને મુદ્દલ રકમ પણ આપી દીધેલ હતી, આ રકમ જમા કરતી વખતે ફરિયાદી અમો આરોપી ને હિસાબ પેટે પોતાની ફાઈનાન્સ પેઢી (વંદે માતરમ) ના નામ વાળા કાર્ડ માં હિસાબ લખી આપતા હતા,જે આ કામે આંક:૩૯ થી રજુ કરેલ છે.તેમજ આરોપીએ ફરિયાદી પાસે આરોપીના ના કોરા ચેક અને રીક્ષાના પેપર્સ પરત માંગતા, આ કામના ફરિયાદી એ પરત આપેલ ન હોવાનુ જણાવેલ છે.તેમજ ફરિયાદીએ ચેક નો દુરુપયોગ કરી ખોટો કેસ કરેલાનુ જણાવેલ છે.તેમજ ફરિયાદી પાસે હજી પણ આરોપી ના બે કોરા ચેકો કબ્જા માં રાખેલ હોવાનુ જણાવેલ છે.વધુમાં,આરોપીએ ફરિયાદી ને કોઈ ચેક માં સહી કરીને આપેલ નથી, તેમજ સદર તકરારી ચેક માં આરોપીએ સહી કરેલ નથી તેવુ જણાવેલ છે.તેમજ આ કામના ફરીયાદી પાસે થી અમો આરોપી ના ભાઈ તથા નવાઝભાઈ, ફીરોજભાઈ મેમણ તથા અન્ય ઘણા બધા એ વ્યાજે પૈસા લીધેલા છે. અમો આરોપી ના ભાઈ ફરિયાદી ને વ્યાજની રકમ ચુકવે છે,અને હાલ માં પણ ફરીયાદી વ્યાજ વટાવ નો ધંધો કરે છે.તેમજ આરોપી નિર્દોષ હોવાનુ તથા ફરિયાદી ની વ્યાજ સહીત ની રકમ આરોપીએ ચૂકવી આપેલ હોવાનુ જણાવેલ છે.

બચાવપક્ષે ઉલટતપાસ કરતાં એ હકીકત સ્વીકારેલ છે કે, ફરીયાદી એ મને વ્યાજે રકમ આપેલી. ફરીયાદી મને રૂા.૬૦,૦૦૦/– ૨૦ % વ્યાજે આપેલા. મે અગાઉ ફરીયાદી પાસે થી રૂા.૫૦,૦૦૦/– લીધેલા. સાહેદ જણાવે છે કે જે વ્યાજ સહીત ભરી દિધેલા. મને આંક–૧૦ બતાવામાં આવે છે જે રીક્ષા માટે ફાઈનાન્સ માટે ભરેલ રકમની પહોંચ છે. ફરીયાદી એ નોટીસ આપેલ તેનો જવાબ આપેલ નહી. સાહેદ જણાવે છે કે ઓફીસે મળવા ગયેલા. મને આંક–૩૭ બતાવામાં આવે છે જે જોઈને કહુ છુ કે આ કાર્ડ વંદે માતરમ દૈનિક બચતનું કાર્ડ છે. આંક–૩૭ માં કોઈ ની સહી નથી.

**(૧૧)**આરોપી સામે આક્ષેપાયેલ એન.આઈ.એકટની કલમ ૧૩૮ ની જોગવાઈ જોવામાં આવે તો....

**Section 138 in The Negotiable Instruments Act, 1881** Dishonour of cheque for insufficiency, etc., of funds in the account. —Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another

person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for [19] [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both: Provided that nothing contained in this section shall apply unless—

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [20] [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

**Explanation.— For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]**

ઉપરોકત જોગવાઈ મુજબ કોઈ વ્યકિતએ પોતાના ખાતાનો ચેક સમગ્ર અથવા અશંત: દેવા અથવા જવાબદારી અદા કરવા માટે પોતે નીભાવતો હોય તેવા ખાતાનો ચેક લખેલ હોય અને જે વણચુકવ્યો પરત ફરે તેમજ સદર ચેક ચેકની તારીખથી કાયદેસરની મુદ્દતમાં રજુ કરેલ હોય અને ચેક પરત ફર્યાની ચેક લખનારને દિન–૩૦ માં નોટીસ આપેલ હોવા છતા નિયત સમયમાં રકમ ન ચુકવે તો એન.આઈ.એકટની કલમ: ૧૩૮ નો ગુનો બને છે.

ભારતીય સાક્ષ્ય અધિનીયમની કલમ–૫૩ની જોગવાઈ ધ્યાને લેતા સ્વીકારેલ

હકીકતો પુરવાર કરવાની જરૂર નથી. બચાવ પક્ષે આંક:૧૦ થી રજુ કરેલ ચેક આરોપીના ખાતાનો ન હોય તેવી તકરાર લીધેલ નથી. તેમજ આંક:૧૦ થી રજુ થયેલ ચેકમાં પોતાની સહી ન હોવા બાબતે પણ તકરાર લીધેલ નથી. તેમજ ફરીયાદીએ નિયમ સમયમાં ચેક જમા કરાવેલ નથી કે તેઓને નિયત સમયમાં નોટીસ આપેલ નથી તેવી પણ તકરાર લીધેલ નથી. જેથી માત્ર પક્ષકારો વચ્ચે ફરીયાદ વાળો ચેક આરોપીએ સમગ્ર અથવા અંશત: દેવા કે જવાબદારી પેટે આપેલ હતો કે કેમ ? તેનો નિર્ણય કરવાનો છે.

(૧૨) **નામદાર સુપ્રિમ કોર્ટે કે.પ્રકાશન વી.પી.કે.સુરેન્દરણ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,** The Act raises two presumptions; firstly, in regard to the passing of consideration as contained in Section 118 (a) therein and, secondly, a presumption that the holder of cheque receiving the same of the nature referred to in Section 139 discharged in whole or in part any debt or other liability. Presumptions both under Sections 118 (a) and 139 are rebuttable in nature. Having regard to the definition of terms proved and disprovedas contained in Section 3 of the Evidence Act as also the nature of the said burden upon the prosecution vis- vis an accused it is not necessary that the accused must step into the witness box to discharge the burden of proof in terms of the aforementioned provision.(Para 12)

(૧૩) **નામદાર સુપ્રિમ કોર્ટે રંગપ્પા વિ.શ્રી મોહનના ચુકાદામાં ઠરાવેલ છે કે,** Section 139 is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies the strong criminal remedy in relation to the dishonour of the cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. The Court however, further observed that it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose money is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant accused cannot be expected to discharge an unduly high

standard of proof". The Court further observed that it is a settled position that when an accused has to rebut the presumption under Section 139 the standard of proof for doing so is all preponderance of probabilities.

**<u>ના.સુપ્રિમ કોર્ટના ચુકાદા બસલીંગપ્પા વી.મુદીબસપ્પા ૨૦૧૯(૫)એસસીસી ૪૧ ૮ ના ચુકાદામાં ઠરાવેલ છે કે,</u>** "23. We having noticed the ratio laid down by this Court in the above cases on Section 118(a) and 139, we now summarise the principles enumerated by this Court in following manner:

23.1. Once the execution of cheque is admitted Section 139 of the Act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

23.2. The presumption Under Section 139 is a rebuttable presumption and the onus is on the Accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

23.3. To rebut the presumption, it is open for the Accused to rely on evidence led by him or the Accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

23.4. That it is not necessary for the Accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden.

23.5. It is not necessary for the Accused to come in the witness box to support his defence."

**<u>ફરીયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંકન</u>**

**(૧૪)**ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવાનુ ઝિણવટભરી રીતે મુલ્યાંકન કરતા આ કામના ફરીયાદીના મૌખીક પુરાવામાં આ કામના આરોપી અમો ફરીયાદીની નજીકમાં રહેતા હોય અને તે નાતે ફરીયાદીને આરોપી સાથે સંબંધ હોય આ કામના આરોપીને ફરીયાદી પાસેથી તેઓને રીક્ષાના હપ્તાની રકમ ફાઈનાન્સમા ભરપાઈ કરવા માટે નાણાંની જરુરીયાત પડતા આરોપીએ

ફરીયાદી પાસેથી રકમ રૂ.૬૦,૦૦૦/–રોકડા એક વર્ષે પહેલા લીધેલાનુ જણાવેલ છે.તેમજ આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી ઉપરોકત લીધેલ હાથ ઉછીની રકમના બદલામાં આરોપી તરફથી ફરીયાદીને બેંક ઓફ બરોડા, વાંકાનેર શાખાનો ચેક નં. ૦૦૦ ૦૦૩, રકમ રૂ.૬૦,૦૦૦/– સહી કરીને આપેલ જે ચેક પરત ફરતા નોટિસ આપવા છતા રકમ નહી ચુકવી આપતા હાલની ફરીયાદ કરેલાનુ જણાવેલ છે. જેથી ફરીયાદીના પુરાવામાં આરોપીએ ઉછીની લીધેલ લેણી નીકળતી રકમ પેટે ચેક આપેલાનુ જણાવેલ હોય ફરીયાદ વાળો ચેક આ કામના આરોપીએ કાયદેસરના દેવાની સંપુર્ણ અથવા અશંત: ચુકવણી માટે આપેલ હતો તેવુ ફરીયાદીની તફરેણમાં એન.આઈ.એકટ ની કલમ ૧૧૮ તથા ૧૩૯ નુ અનુમાન કરવામાં આવે છે.

તેમજ પ્રસ્થાપિત સીધ્ધાંત મુજબ આરોપી તર્ફે ફરીયાદી પક્ષ તર્ફેના એન.આઈ.એકટની કલમ ૧૧૮ તથા ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરવા માટે જાતે જુબાની આપવી જરૂરી નથી પરંતુ માત્ર પોતાનો પ્રોબેબલ ડીફેન્સ રજુ કરવાનો છે.

આ કામના ફરીયાદીની આરોપી તર્ફે કરેલ ઉલટ તપાસનો પુરાવો જોતા ફાઈનાન્સનુ લાયસન્સ હોવાનુ જણાવેલ છે પરંતુ આ કામે રજુ કરેલ નથી તેવુ સ્વીકાર કરેલ છે.જેથી આ કામના ફરીયાદીનો પુરાવો જોતા આરોપીને ફાયનાન્સનુ લાયસન્સ ધરાવતા હોય અને આરોપીને વ્યાજે પૈસા આપેલ હોય તેવો ફરીયાદીનો કેશ નથી કે તેવી ફરીયાદની હકીકત નથી.ફરીયાદીના પુરાવા મુજબ આરોપી નજીકમાં રહેતા હોય રૂ.૬૦,૦૦૦/– હાથ ઉછીના આપેલાનુ જણાવેલ છે.તેમજ પૈસા કયારે આપેલા તે હાલ યાદ ન હોવાનુ જણાવે છે.વધુમાં ,આરોપીને અગાઉ પણ પૈસા ઉછીના આપેલાનુ સ્વીકાર કરેલ છે.તેમજ આરોપીને અગાઉ આઠ–અવ મહીના પહેલા પૈસા આપેલાનુ જે પરત આપેલ નથી તેવુ જણાવેલ છે.જે પુરાવો જોતા ફરીયાદીએ હાલની ફરીયાદ તા.૨૧/૦૯/૨૪ ના રોજ દાખલ કરેલ છે અને ફરીયાદીની ઉલટ તપાસ તા.૨૪/૦૧/૨૫ ના રોજ નોંધવામાં આવેલ છે.જયારે ફરીયાદમાં આરોપીને એક વર્ષ પહેલા લીધેલાનુ જણાવેલ છે.તેમજ ફરીયાદીના પુરાવામાં આરોપીને રોકડા રૂ.૬૦,૦૦૦/– આપેલાનુ જણાવેલ છે.આ કામના ફરીયાદી પોતે ફાયનાન્સનુ કામ કરતા

હોય ફાયનાન્સની કામગીરીથી વાકેફ હોવા છતા રોકડમાં વ્યવહાર કરેલ છે તે પણ શંકા ઉપસ્થીત કરે છે.તેમજ આ  કામમા ફરીયાદીને આઈ.ટી.રીટર્ન રજુ કરવા જણાવતા રજુ કરવા માંગતા નથી તેવુ જણાવેલ છે.

આ કામના આરોપી તર્ફે પોતાના બચાવમાં મૌખીક પુરાવો રજુ કરેલ છે તેમાં ફરીયાદી પાસેથી પતિ સાથે ૬૦,૦૦૦/– રૂપિયા ૨૦ ટકાના વ્યાજે લેવા ગયેલ હોય વ્યાજે લીધેલાનુ જણાવેલ છે.જે રકમ ત્રણ–ચાર વર્ષ પહેલા લીધલાનુ જણાવેલ છે.તે વખેત બે–ત્રણ ચેક લીધેલાનુ જણાવેલ છે.તેમજ જાણ કર્યા વગર ચેક જમા કરાવેલ હોય પો.સ્ટે.ફરીયાદ કરેલ હોય જે આં ક:૨૯ થી રજુ કરેલ છે.જેથી બચાવ પક્ષના પુરાવામાં આ કામના ફરીયાદી પાસેથી વ્યાજે રૂા.૬૦,૦૦૦/– લીધેલાનુ જણાવેલ છે.વધુમાં,આરોપીના ભાઈ સાહેદ નં.૨ ના પુરાવામાં પણ આરોપીએ રૂા.૬૦,૦૦૦/– ૨૦ ટકાના વ્યાજે લીધેલાનુ અને આરોપી ત્રણ–ચાર વર્ષથી વ્યાજ ચુકવતા હોવાનુ જણાવેલ છે.તેમજ ફરીયાદીને વ્યાજની રકમ આપવા ન જાય તો ફરીયાદી બુલેટ લઈ ઘરે વ્યાજની રકમ લેવા આવતા હોવાનુ જણાવેલ છે અને ભાઈ વ્યાજ ભરવા ન જાય તો પોતે જતા હોવાનુ જણાવેલ છે.જે પુરાવો જોતા ફરીયાદ પક્ષે પુરાવાનુ ખંડન કરેલ નથી.વધુમાં,આ કામના આરોપીએ પણ સાહેદ નં.૩ તરીકે આં ક:૩૪ થી પુરાવો આપેલ.જેમાં પણ આરોપીએ રૂા.૬૦,૦૦૦/– ૨૦ ટકાના વ્યાજે લીધેલાનુ જણાવેલ છે.તેમજ ફરીયાદીની પેઢી દ્વારા વ્યાજ સહીત રકમ ચુકવ્યાનુ કાર્ડ આપેલ.જે આં ક:૩૭ થી રજુ કરેલ છે.જે મુજબ આરોપીએ ૫૫૦૦૦/– આપેલા અને બીજા ૫૦૦૦ રોકડા ફરીયાદી લઈ ગયેલાનુ જણાવેલ છે.તેમજ આ રકમનુ વ્યાજ ફરીયાદીની વંદેમાતરમ નામની ઓફીસ તથા રવીભાઈના પાનના ગલ્લે જમા કરાવતા હોવાનુ જણાવેલ છે.જે પુરાવાનુ ફરીયાદ પક્ષે ખંડન કરેલ નથી.તેમજ આરોપીની ઉલટ તપાસથી પણ આરોપીએ ફરીયાદી પાસેથી ૨૦ ટકાના વ્યાજે પૈસા લીધેલાની હકીકતને સર્મથન મળે છે.જેથી ફરીયાદી તર્ફે આરોપીના મૌખીક પુરાવાની હકીકતોનુ ખંડન કરેલ ન હોય આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૬૦,૦૦૦/– વ્યાજે પૈસા લીધેલ હોવાનુ પુરવાર થાય છે.

જેથી ફરીયાદીના પુરાવા મુજબ આરોપીને રોકડા ૬૦,૦૦૦/–ઉછીના આપેલ હતા તે રકમ

લેણી બાકી હોય તે પેટે ચેક આપેલ હતો તેવુ પુરવાર થતુ નથી.આ કામના આરોપીએ રૂા.૬૦,૦૦૦/– ની રકમ ઉપર વ્યાજ ચુકવેલ છે.જેથી રૂા.૬૦,૦૦૦/– ફરીયાદીની લેણી રકમ પુરવાર થતી નથી.તેમજ ફરીયાદી ફાયનાન્સનુ લાયસન્સ ધરાવતા હોય તેવુ લાયસન્સ રજુ કરેલ નથી.જેથી ફરીયાદીના પુરાવાનુ બચાવ પક્ષે ઉલટ થી તથા મૌખીક પુરાવાથી ખંડન કરેલ છે તેવુ મારુ માનવુ છે.જેથી આરોપી તર્ફેની ઉલટ તપાસથી બચાવ પક્ષે એન.આઈ.એકટની કલમ ૧૧૮(એ) તથા ૧૩૯ મુજબનુ ફરીયાદ પક્ષની તરફેણમાં કરવામાં આવેલ અનુમાનનુ ખંડન કરેલ હોય નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદા નારાયણા મેણન અલીઆસ મની વી.સ્ટેટ ઓફ કેરાલા અને બીજા ૨૦૦૬(૬)૬ એસસીસી ૩૯ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, it was held that once the accused is found to discharge his initial burden, it shifts to the complainant.

આરોપી પક્ષે ફરીયાદ પક્ષની તરફેણમાં રહેલ અનુમાનનુ ખંડન કરવામાં સફળ રહેલ હોય ફરીયાદી ઉપર પુરાવાનો બોજો રહેલ છે કે,ફરીયાદ વાળા ચેક આરોપીએ કાયદેસરના દેવા તથા જવાબદારી પેટે આપેલ હતો જે હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય જેથી ફરીયાદી પક્ષેની દલીલોનો અસ્વીકાર કરુ છુ અને બચાવ પક્ષની દલીલોનો સ્વીકાર કરી મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.૨ નો જવાબ '' ન કા ર માં '' આપી આપી મુદ્દા નં.૩ માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**: : હુકમ : :**

(૧) આરોપી **પીપરવાડીયા અશરફભાઈ દાઉદભાઈ**,ઉમર:પુખ્ત, ધંધો:વેપાર,રહે. ભાટીયા સોસાયટી રાધેકૃષ્ણ મંદિર વાળી શેરી,પીંડાર પ્રોવિઝન સામે, ભાઈ મકાન વાળી શેરી,ચંદ્રપુર,તા.વાંકાનેર જી.મોરબી નાઓને સંહિતા ની કલમ ૨૭૮(૧) અન્વયે એન.આઈ.એકટ ની કલમ: ૧૩૮ મુજબ ના ગુનામાં પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે અપીલ પીરીયડ માટેના આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ તા.૦૫, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૦૫/ ૦ ૫/ ૨૦૨૬
મુ.વાંકાનેર

(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪